# આઈસીએઆર-ભારતીય મકાઈ સંશોધન સંસ્થા

## પીએયુ કેમ્પસ, લુધિયાણા

<u>કોરોના વાઈરસ (કોવીડ-૧૯) લોકડાઉન પરિસ્થતિમાં મકાઈ વાવેતર કરેલ ખેડુતો માટે સલાહ</u>

ગુજરાત રાજ્યમાં શિયાળુ મકાઇ પાક નું વાવેતર દોઢથી બે લાખ હેક્ટરમાં વાવેતર કરવામાં આવે છે. સામાન્ય રીતે શિયાળાની ઋતુમાં વાવેતર મકાઈનું ઉત્પાદન વધુ મળે છે અને મકાઈના દાણા નું કદ બોલ્ડ સાઈઝના હોય છે. આ ઉત્પાદિત થયેલ મકાઈનો ઉપયોગ વિવિધ ઇન્ડસ્ટ્રીઝ, મરઘા બતકા ખોરાકમાં , સ્ટાર્ચ ઈન્ડસ્ટ્રીઝ અને ખાવામાં થાય છે. આ શિયાળુ મકાઈ હાલમાં આપણી કાપણીની અવસ્થા આવેલી છે પણ હાલમાં કોરોનાવાયરસ ના સંક્રમણના લીધે લોકડાઉન હોવાના લીધે મકાઇ પાક માં સમયસર કાપણી કરવામાં ખેડૂતો અડચણોનો સામનો કરી રહેલ છે તો આ વિકટ પરિસ્થિતિમાં સરકારશ્રીએ જે સમય અંતરે આપવામાં આવેલ સલાહનો અમલીકરણ કરી મકાઇના પાકની સમયસર કાપણી કરવી જોઈએ અને ખેડૂતોએ વધુમાં વધુ ઉત્પાદન લઈ આ જથ્થો બજાર સુધી પહોંચે તેની વ્યવસ્થા કરવી જોઈએ .

<u>સેન્ટ્રલ વેસ્ટર્ન ઝોન (CWZ)</u>

સેન્ટ્રલ વેસ્ટ ઝોન માં ગુજરાત, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન રાજ્યનો સમાવેશ થાય છે આ આ ક્ષેત્રમાં પાક દાણાની અવસ્થાએ અથવા પાકની કાપણીની અવસ્થા એ આવેલ છે. જે ખેતરોમાં મકાઇ પાક દાણા ભરાવાની અવસ્થા હોય તે પરિસ્થિતિમાં પિયત આપવાની સલાહ આપવામાં આવે છે. જો આ અવસ્થામાં ખેંચ પડે તો ઉત્પાદન ઉપર માઠી અસર થાય છે તેમજ દાણા નું કદ ઘટે છે. જે ખેડૂતોની મકાઈ કાપણી લાયક થઈ ગયેલ છે તે ખેડૂતોએ સ્થાનિક મજૂરોની પસંદગી કરવી જોઈએ, જેથી આમ કરીને અજાણ્યા મજૂરો થી ચેપ ટાળી શકાય. મકાઈ ની કાપણી દરમિયાન બે મજૂરો વચ્ચે ઓછામાં ઓછો ૧.૦ મીટર જેટલું અંતર રાખી કાપણી કરાવી જોઈએ તેમજ મજૂરે મોઢા ઉપર માસ્ક પહેરવા જોઈએ અને સેનિટાઈઝેશન અથવા સાબુ વડે હાથ ધોવા જોઈએ. આ સલામતીનાં પગલાઓ થ્રેસીગ, ગ્રેડીગ, પેકીગ વગેરે કામગરી દરમ્યાન ધ્યાનમાં લેવા જોઈએ. આ વિસ્તાર ખેડૂતોને માર્કેટિંગમાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી સંભાવના છે. તેથી, સરકાર અને અન્ય હિસ્સેદારો દ્વારા એમએસપી પર મકાઈનું વેચાણ સુનિશ્ચિત કરવા માટે પૂરતા પગલાં લેવાની જરૂર છે.